# સાબરકાંઠા ફોરેસ્ટ ડિવિઝન દ્વારા ‘લોકડાઉનથી વાઈલ્ડ લાઈફ ઉપર અસર’ વિષય પર ઓનલાઈન વેબીનાર યોજાયો

હિંમતનગર, તા. ૯

લોકડાઉન દરમિયાન હ્યુમન મુવમેન્ટ ઓછી થવાથી જંગલી પ્રાણીઓ વિચારવા માટે જંગલ છોડી ગામ, શહેર અને આસાપસના અર્બન વિસ્તાર તરફ રોક ટોક વગર ફરવા લાગ્યા. ખુબ ઓછા દેખાતા પ્રાણી કીડીખાઉ જોવા મળ્યા. લોકડાઉનથી વાઈલ્ડ લાઈને ફાયદો થયો. વાઈલ્ડલાઈફને ચાન્સ આપો. પોપ્યુલેશન વધશે, બાયોડાયવર્સિટી રીચ બનશે. પોષણ કડી મજબૂત થઈ કીટકોનું પ્રમાણ વધ્યું. જેના કારણે પાકનું ઉત્પાદન વધશે.

**- મયુર રાઠોડ (સાંબરકાંઠા વોર્ડન)**

લોકડાઉન દરમિયાન વાઈલ્ડ અને ડોમેસ્ટીક પ્રાણીના રોડ કીલમાં ખૂબ જ ઘટાડો થયો છે. લોકડાઉન (કાચબા) દ્વારા હેઅગ ડેસ્ટીનેશન બની ગયા. લોકડાઉનના કારણે અર્થ નેચરને ફીલીંગ મળી ગયું તેનું મેન્ટેનન્સ થઈ ગયું. લોકડાઉન વાઈલ્ડ લાઈફ માટે આશીર્વાદરુપ સાબિત થયું.

**- યોગેશ દેસાઈ (ઈન્ચાર્જ, ડીસીએફ, સાબરકાંઠા ફોરેસ્ટ ડિવીઝન)**

લોકડાઉનથી વાઈલ્ડ એનિમલ મુકત રીતે રોડ પર બીક વગર અવરજવર કરવા લાગ્યા અને લોકડાઉન ખુલતા હ્યુમન, વાહનોના ડીસ્ટર્બથી પાછા પોતાના ઓરીજનલ રહેઠાણ તરફ જવા લાગ્યા.

**- રાહુલ શાહ**

વાઈલ્ડ લાઈફ એ એક પ્રકૃતિનો ભાગ છે તે સ્વીકારી તે ડીસ્ટર્બ ન થાય તે રીતે જીવવું જોઈએ. ડીસ્ટર્બ રુપ



સમય દરમિયાન હિંમતનગરમાં ના ધારેલી જગ્યાએથી સાપ રેસ્ક્યુના ફોન મળ્યા, પક્ષીઓના પણ જંગલ અને વગડાથી રોડ હાઈવે શહેર નજીક મુવમેન્ટ અને નેસ્ટીંગ વધ્યા.

**- જીજ્ઞેશ સનીશ્વરા (સ્નેક રેસ્કુયર, હિંમતનગર)**

લોકડાઉન દરમિયાન જંગલ બહારના વિસ્તારમાં વાઈલ્ડ લાઈફ જોવા મળેલ છે.

‘ વિશાળે જગ વિસ્તારે નથી એક જ એક જ માનવી પશુ છે.
પંખી છે પુષ્પો છે વનો છે વનસ્પતિ છે’
- ઉમાશંકર જોષી

વન છે, વન્યજીવો છે, વનવાસી છે, જે પણ આપણે બીજા હ્યુમન છીએ આ બધા આજે સહ અસ્તિત્વનો સિદ્ધાંત સ્વીકારવો પડશે. ડીપાર્ટમેન્ટ વતી બોલું જે ચાર ‘જ’ છે. જન, જમીન, જંગલ અને જનાવર આ તમામનું રક્ષણ કરવું એ જંગલખાતા ઉપરાંત ભારતના દરેક નાગરિકની જવાબદારી છે. લોકડાઉન દરમિયાન જાળવા મળ્યું કે ચંડીગઢમાં સાંભર દેખાયા. કેરાલામાં ઝીબ્રા કોસિંગ પર ઈન્ડિયન સીબીએટ દેખાયા. કોલકત્તામાં ધાર પર ગેગ ડોલ્ફીન જોવા મળી. બીચ માનવ રહીત થયા તો ત્યાં ટર્ટલ કચરાને દૂર કરી સારું એવું વાઈલ્ડ લાઈફ ડાયવર્સિટીની જાળવણી કરીને સાથે જનતાને મોટીવેટ કરી સારો સંદેશો આપી વાઈલ્ડ લાઈફ વીકના ઉજવણી કરીએ.

**- આર વી ચૌહાણ (એસીએફ, સાબરકાંઠા)**

લોકડાઉનની પરિસ્થિતિમાં ઘરે બેઠા બર્ડ વોચિંગ કર્યું તો જે પહેલાના સમયમાં ઘરે ૧૦ પ્રજાતિના પક્ષીઓ જોવા મળતા હતા. તે લોકડાઉનમાં વધીન ૧૬ જેટલી પ્રજાતિના જોવા મળ્યા. એટલે કે ૬૦% પ્રજાતિ વધારે જોવા મળી, જે - શકરો બાજ, ગ્રીન બીઈટર, ગ્રેટર કોકલ, રીક્વઝ ટ્રીપઈ, કીંગફીશર સિલ્વર બીલ મુનિયા, જેવી જાતો વધારામાં જોવા મળી. હવે લોકડાઉન ખુલ્યા પછી જો હાઈવે છોડી ગામના રોડ ઉપર તેતર બટેર જેવા પક્ષી પોતાના ૪ થી ૫ દિવસના બચ્ચા સાથે રમવા જોવા મળ્યા. આ ઉપરાંત લોકડાઉનમાં વાહનો ઉપયોગ નહીં થવાની પડી રહેલ કાર અને ટુવ્હીલરમાં પક્ષીઓ માળા (નેસ્ટ) બનાવેલ થંભી ગયેલા વિમાનના ટાયર પાસે અજગર આરામ કરતો જોવા મળેલો. લોકડાઉન વાઈલ્ડ લાઈફ માટે આશીર્વાદ સાબિત થયો.

**રાજુભાઈ પટેલ, (બર્ડ વોચર, અમદાવાદ)**



શ્રી ગજાનન સમિતિ દ્વારા અન્નદાનના બે વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે મોડાસા તાલુકાની છાત્રેશ્વરી શાળામાં લાભાર્થીઓને ખીચડી તથા શાકનું ભોજન પીરસવામાં આવ્યું હતું.

## આઈઆઈટી ગાંધીનગર દ્વારા

# કેમ્પસ સમુદાય માટે કોવિડ-૧૯ પરીક્ષણ ડ્રાઈવ શરૂ કરાઈ

**સમુદાયના લગભગ ૧૮૦૦ સભ્યો કે જેઓ હાલમાં કેમ્પસમાં છે અને જેઓ કેમ્પસમાં કામ કરવા માટે આવે છે, તેમના પર આગામી કેટલાક દિવસોમાં ગુજરાત સરકારની તબીબી ટીમો દ્વારા રેપિડ એન્ટિજેન ટેસ્ટ કરાશે**

ગાંધીનગર, તા. ૯

વર્તમાન વૈશ્વિક રોગચાળા સામેના સાવચેતીનાં પગલાંને પૂરકરૂપ, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)એ તેના સમગ્ર કેમ્પસ સમુદાય માટે કોવિડ-૧૯ પરીક્ષણ ડ્રાઈવનું આયોજન કર્યું છે. આ વિશેષ ઝુંબેશના ભાગરૂપે, સરકારની તબીબી ટીમો દ્વારા દિવસ દરમિયાન કેમ્પસમાં બે અલગ અલગ સ્થળોએ કરવામાં આવશે. પરીક્ષણ સ્થળોએ સલામતી સુનિશ્ચિત કરવા અને સામાજિક અંતર જાળવવા માટે, સંસ્થાના અધિકારીઓએ દરેક કુટુંબ અથવા વ્યક્તિઓને ટોકન નંબરો આપ્યા છે જેથી તેઓ





વારાફરતી પરીક્ષણ સ્થળ પર આવી શકે. સંસ્થાના નેતૃત્વની સાથે, વિદ્યાર્થ સ્વયંસેવકો પણ નોંધણી અને કમ્યુનિકેશન માટે તમામ જરૂરી લોજિસ્ટિક્સ ગોઠવવામાં મદદ કરવા આગળ આવ્યા છે, જેથી પરીક્ષણ ઉચ્ચ સ્તરની કાર્યક્ષમતા સાથે થઈ શકે.

આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધિર કે જૈને વિશેષ પરીક્ષણ ડ્રાઈવ પાછળનો હેતુ જણાવતા કહ્યું કે, “સંકટના આ અભૂતપૂર્વ સમયમાં તેના સમગ્ર સમુદાય માટે ‘સેફ્ટી ફર્સ્ટ’ એ આઈઆઈટી ગાંધીનગરનું ધ્યેય છે. બદલાતી પરિસ્થિતિને અસરકારક રીતે પહોંચી વળવા માટે અમે અસંખ્ય સાવચેતી અને નિવારક પગલાં લીધાં છે અને તે ચાલુ જ રાખીએ છીએ. આઈઆઈટી ગાંધીનગર માટે ગૌરવની વાત છે કે તેના તમામ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, સ્ટાફ અને સમગ્ર કેમ્પસ સમુદાયે સલામતીની સાવચેતી દ્વારા અને એકબીજાને ટેકો આપીને, છેલ્લા સાત મહિનામાં જવાબદારીની મોટી ભાવના દર્શાવી છે. આઈઆઈટી ગાંધીનગર સમુદાય માટે આ વિશેષ પરીક્ષણ ડ્રાઈવ ચલાવવા માટે તેમની ટીમો તૈનાત કરવા બદલ અમે ગુજરાત સરકારના ખૂબ આભારી છીએ.”

આઈઆઈટી ગાંધીનગરમાં વિદ્યાર્થી બાબતોના ડીન અને ક્રાઈસિસ મેનેજમેન્ટ ગ્રુપના અધ્યક્ષ પ્રોફેસર હરીશ પી એમએ જણાવ્યું કે, “પરીક્ષણ આપણને આપણા સમુદાયને સુરક્ષિત રાખવામાં પહેલેથી લેવામાં આવતી સાવચેતીઓને પૂરક બનાવવામાં મદદ કરશે. આ ડ્રાઈવનું આયોજન અને સંચાલન કરવા માટે સમુદાય અને સ્વયંસેવકોની ઉત્સાહભેર ભાગીદારી જોઈને મને આનંદ થાય છે.”


સમુદાયના લગભગ ૧૮૦૦ સભ્યો, જેમાં ફેકલ્ટી, સ્ટાફ, રહેવાસીઓ, આઉટસોર્સ સપોર્ટ સ્ટાફ, અને વિદ્યાર્થીઓ જે હાલમાં કેમ્પસમાં છે અને જેઓ કેમ્પસમાં કામ કરવા માટે આવે છે, તેઓ આગામી થોડાક દિવસમાં રેપિડ એન્ટિજેન ટેસ્ટ કરાવશે.

આ પરીક્ષણો ગુજરાત

# મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરા ખાતે અભિમુખતા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે તારીખ ૮ અને ૯ ઓક્ટોબર ૨૦૨૦ દરમ્યાન બી. એ. અને એમ.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે અભિમુખતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો ઉદેશ્ય એ હતો કે વિદ્યાર્થીઓ ગૂજરાત વિદ્યાપીઠની શૈક્ષણિક અને કાર્યપ્રણાલીની પરિપાટીથી પરિચિત થાય. મહાત્મા ગાંધી સ્થાપિત વિદ્યાપીઠની ગ્રામ્ય નિસ્બતો સ્વાશ્રય, સ્વચ્છતો, સમાનતા અને સમૂહ જીવન વગેરેથી નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ પરિચિત થાય ખાદી, પ્રાર્થના, નિયમિતતા અને છાત્રાલય નિવાસ વિશે માહિતીગાર થાય વગેરે બાબતોને આવરી લઈ બે દિવસ સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શિબિરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ડૉ. મોતીભાઈ દેવુંએ વિદ્યાર્થીઓને અભિમુખતા શિબિર શા માટે યોજવામાં આવે છે. તેના ઉદેશ્યો અને ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિશે વાત




કરી, સાથે સાથે તેમણે ગૂજરાત વિદ્યાપીઠના તમામ પરિસરોની માહિતી આપી હતી. માઈક્રોબાયોલોજી વિભાગના પ્રોફેસર ડૉ નિખીલભાઈ ભટ્ટ કોવિદ-૧૯ના સંદર્ભમાં સાવધાની રાખવાની બાબતોને લઈને ચર્ચા કરી તેમાં તેમણે કહ્યું કે કોરોના થી બચવા માટે માસ્ક પહેરવું, બે વ્યક્તિ વચ્ચેનું અંતર, અને સરકારના માર્ગદર્શિકા મુજબ કયા કયાં ઉપાયો કરવા જોઈએ તે વિશે સુંદર માહિતી આપી હતી, પ્રોફેસર ડૉ રાજેન્દ્ર જોષીએ ગુજરાત વિદ્યાપીઠની સેમેસ્ટર પદ્ધતિ અને પરીક્ષા પદ્ધતિ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું, ગૃહપતિ મોહનભાઈ પટેલે છાત્રાલય જીવન અને વ્યક્તિ ઘડતર કેવી રીતે કરી શકાય તે વિશે વાત કરી હતી, બીજા દિવસે સંયોજક રમેશભાઈ પટેલે ખાદી, કાંતણ અને ઉદ્યોગ વિશે વાત કરી, તેમાં તેમણે ખાદીનું શું મહત્વ છે. ખાદી દ્વારા વ્યક્તિના આરોગ્ય પર કેવી અસર પડે છે. તેની વાતું કરી અને કાંતણ દ્વારા એકાગ્રતા વધે અને ઉદ્યોગ દ્વારા વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે બાબતોને ખાઈને માર્ગદર્શન આપ્યું. ડૉ. કનુભાઈ વસાવાએ ભાષાના મહત્વ વિશે વાત કરી તેમાં તેમણે ભાષાનું વ્યક્તિના જીવનમાં શું મહત્વ છે અને વિવિધ ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને તેના વિશે સમજ આપી, હતી. ડૉ દિવ્યેશ ભટ્ટે પ્રાર્થનાનું મહત્વ વિષય પર વાત કરી તેમાં પ્રાર્થના શા માટે કરવામાં આવે છે.

આશવભાઈ શાહે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, હિન્દી વિનિત પરીક્ષા તથા કયા કયા પ્રમાણપત્ર લાવવા અને બેંક વ્યવહાર વિશે માહિતી આપી. કાર્યક્રમના અંતે સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો આપ્યા હતા. તેમાં જય પંચાલ, અસ્મિતા રબારી, મિત્તલ વાઘેલા, રોહિત મકવાણા, એકતા રાઠોડે આ બે દિવસ દરમ્યાન જે અભિમુખતા શિબિર માંથી માર્ગદર્શન મળ્યું તેના વિશે અભિપ્રાયો આપ્યા તેમાં તેમના જીવનમાં આવી અભિમુખતા શિબિરનો અનુભવ પ્રથમ વખત થયો અને જે સંસ્થામાં અભ્યાસ કરવાનો છે તે સંસ્થાનો ઈતિહાસ, નિયમો પ્રવૃત્તિ તથા અન્ય બાબતોથી વાકેફ કરવા માં આવ્યા, સમાપન સમારોહમાં. ડૉ.મોતી દેવું અને ડૉ.દિવ્યેશ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૯

કોરોના સંક્રમિત થયેલા અધિકારી, કર્મચારીઓ અને કોરોનાથી સંક્રમિત થયેલા સમગ્ર દેશના નાગરિકો ઝડપથી તંદુરસ્તી પરત મેળવે તેના માટે કોરોના મુક્તિ અને સમગ્ર દેશવાસીઓના આરોગ્યની શુભફલ પ્રાપ્તિ માટે હોમાત્મક લઘુરૂદ્રયજ્ઞ અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન રાખેલ છે. આ યજ્ઞ અને કથા તારીખ ૧૦/૧૦/૨૦૨૦, શનિવાર સવારે ૮:૦૦ કલાકે, સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ, બી-૧,બી-૨,બી-૩/૭, ક-૫ સર્કલ, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર - ૨૫ ખાતે રાખેલ છે. જેનું આયોજન રાધે રાધે પરીવાર, ગાંધીનગર અને સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ છે. જયાં કોરોના મહામારીને કારણે સરકારની ગાઈડલાઈન નું ચુસ્તપણે પાલન કરવામાં આવશે.

# ધોરણ ૧૦ પછી નૌકાદળમાં પ્રવેશ કરવાનો રસ છે, માહિતી આપશો?




નમસ્કાર. “કરિયર કોર્નર” કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું બી.એસ.સીમાં અભ્યાસ કરું છું. મને તાજેતરમાં જ ફોરેન્સિક સાયન્સ ના કોર્ષ વિષે થોડી માહિતી મળી છે. આપ આ ક્ષેત્ર વિષે સંપૂર્ણ માહિત આપશો. આ ક્ષેત્ર માં કયા વિકલ્પો રહેલા છે**

**- વિશાલ દરજી**

ફોરેન્સિક સાયન્સ એ મુખ્યત્વે ગુનાઓની તપાસમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવા ઉપર ભાર મૂકતી પદ્ધતિ છે જેમાં કોઈપણ ખુણા સ્થળેથી ઉપલબ્ધ કે પ્રાપ્ત થયેલ ચીજવસ્તુ પદાર્થ કે સંજોગો નું વૈજ્ઞાનિક રીતે પુસ્તક કારણ પૃથ્થકરણ કરીને તેનું કાયદાની અદાલતમાં માનનીય એવા પુરાવાઓમાં રૂપાંતર કરે છે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ફોરેન્સિક વૈજ્ઞાનિકો ની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે તેમાં વિજ્ઞાનની એવી પદ્ધતિ કે પ્રક્રિયાઓનો ઉપયોગ કરાય છે જે અદાલતો અથવા



કાયદા ની પ્રક્રિયા દ્વારા માન્ય હોય છે જોખમ ખેડવાનું પસંદ કરતા સાહસિક અને જિજ્ઞાસુઓ માટે આ ખૂબ જ રસપ્રદ અને પડકારજનક ક્ષેત્ર છે. ફોરેન્સિક સાયન્સ ગુનાઓની તપાસ સાથે સંબંધિત વિજ્ઞાનનું ક્ષેત્ર છે અને વ્યવસ્થાની દ્રષ્ટિએ આ ક્ષેત્રમાં જવા ઈચ્છનારે તેમના જ્ઞાન અને વિજ્ઞાનનો ઉપયોગ ગુનાઓની તપાસમાં કરવાનો હોય છે. ફોરેન્સિક સાયન્સ એ વિજ્ઞાનની કોઈ શાખા કે પ્રકાર નથી પરંતુ તે જુદી જુદી શાખાઓ નો સમૂહ છે ફોરેન્સિક વિજ્ઞાન અને મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે. એક મેડીકલ, બે લેબોરેટરી અને ત્રણ ફિલ્ડ સાયન્સ. ફોરેન્સિક વિજ્ઞાન અનુસ્નાતક પદવી અથવા માસ્ટર્સ ડિગ્રી લેવા માટે ઉમેદવાર પાસે ફિઝિક્સ, કેમિસ્ટ્રી,બાયોલોજી બોટની, બાયોકેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બી.ડી.એસ અથવા એપ્લાઈડ સાયન્સ જેવા વિષયોમાં પ્રથમ વર્ગ સાથે સ્નાતકની પદવી હોવી જોઈએ. પોસ્ટમોર્ટમના નિષ્ણાત બનવા માટે સૌપ્રથમ એમ.બી.બી.એસની ડિગ્રી મેળવ્યા બાદ ફોરેન્સિક સાયન્સ ની ડીગ્રી મેળવી લેવી પડે છે. આ ક્ષેત્રમાં સંશોધન માટે પણ અનેક તકો રહેલી છે આપ આ બધા વિષયોમાં એમ.ફિલની ડિગ્રી મેળવી જે તે વિષયમાં પીએચ.ડી.ની પદવી પણ મેળવી શકો છો. ફોરેન્સિક સાયન્સ માં કારકિર્દીની વાત કરીએ તો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરનાર ને કાયદાનું અમલીકરણ કરનારી સંસ્થાઓ જેવી કે પોલીસ કાયદો કે ન્યાયતંત્ર અને સરકારી અથવા ખાનગી તપાસની સંસ્થાઓમાં કારકિર્દીની તકો ઉપલબ્ધ થાય છે આવા ઉમેદવારો ફોરેન્સિક સાયન્સ નું શિક્ષણ કે કોર્સ ચલાવતી સંસ્થાઓ માં શિક્ષક તરીકે પણ જોડાઈ શકે છે. આવી વ્યક્તિને સરકારના અનેક વિભાગોમાં સારી નોકરીઓની તક મળે છે તેમજ રાજ્યોની પોલીસ માં ગુના શોધક શાખા માં તપાસનીશ અધિકારી સામેલ હોય છે જેમાં પણ એ આગળ વધી શકે છે.આમ ફોરેન્સિક સાયન્સ ઘણું બહોળું ક્ષેત્ર છે અને આપ આ ક્ષેત્ર માં ચોકકસ પણે આગળ વધી શકો છો. જવલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૨. હું ધોરણ ૧૦ માં અભ્યાસ કરું છું. મને ફાઇન આર્ટ્સ અને તેમાં ડિપ્લોમાના કોર્સ વિષે માહિતી આપશો.**

**- અવનિ પટેલ**

ઈન્ફર્મેશન ટેકનોલોજીના આ યુગમાં મલ્ટી મીડિયાનો ખૂબ સારો વિકાસ છે. વેબ ડિઝાઈનિંગ, એનિમેશન, વિઝ્યુલાઈઝર, ક્રિએટિવ આર્ટિસ્ટ, ગ્રાફિક આર્ટિસ્ટ, વેબ પ્રોગ્રામર વગેરેનાં ક્ષેત્રો ઝડપથી આગળ આવી રહ્યાં છે એનિમેશન, ડિઝાઈન,



પ્રોગ્રામિંગ, ગ્રાફિક, વિઝ્યુલાઈઝિંગ (જીવંત ઊભું કરવાની કળા) જેવા મલ્ટી મીડિયાના ક્ષેત્રમાં જવા માટે ફાઈન આર્ટના કોર્સ ઉપયોગી બને છે. ધોરણ ૧૦ પછી ડિપ્લોમાં ફાઈન આર્ટના કોર્સ ચાલે છે. જો આગળ ધોરણ ૧૧ અને ૧૨ નો અભ્યાસ કરો તો ત્યાર બાદ બેચલર ઓફ ફાઈન આર્ટનો કોર્સ વડોદરા, વલ્લભવિદ્યાનગર અને મુંબઈમાં ચાલે છે. કેન્દ્રીય ધોરણે ગુણાનુક્રમે (મેરીટ ઉપર) પ્રવેશ અપાય છે. પાંચ વર્ષના ડિપ્લોમાં ધોરણ ૧૦ ના આધારે અને (એ.ટી.ડી). આર્ટ ટીચર ડિપ્લોમાં ૨ વર્ષ માટે ધોરણ ૧૨ ના આધારે, એચ.એસ.સી. અથવા એસ.એસ.સી. સાથે ડ્રોઈંગ ગ્રેડ પરીક્ષા પસાર કરેલ હોવી જોઈએ. આ જગ્યાઓ વિષે અખબારો દ્વારા પ્રવેશ માટે જાહેર ખબર અપાય છે. હવે આપ સ્નાતક થયા બાદ આપે એના માટે થોડું માર્કેટિંગ પણ કરવું જરૂરી છે. ટેલિવિઝન, છાપાં, મૅગેઝિન વગેરે મીડિયામાં પુષ્કળ જાહેરાતો આવે છે. જાહેરાત આપ્યા વગર આ સ્પર્ધાના યુગમાં આગળ વધવું ખૂબ જ મુશ્કેલ છે. તમારી પાસે ૧૦૦ ટચનું સોનું હોય પણ જ્યાં સુધી લોકોને એ વાતની જાણ ન હોય ત્યાં સુધી એની કિંમત શું લોકો સુધી તમારી વાત પહોંચાડવી હોય તો એક માત્ર ઉપાય છે જાહેરાતો અને આજના આ યુગમાં જાહેરાતને વધુ ને વધુ સુંદર બનાવવા એનિમેશનનો ખૂબ ઉપયોગ થાય છે.પાંચ વર્ષ ના ડિપ્લોમા કોર્સની વાત કરીએ તો ધો.૧૦ પછી ૧) ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ (૨) એપ્લાઈડ / કૉમર્શીયલ આર્ટ (૩) સ્કલ્પચર એન્ડ મોડલિંગ જેવા અભ્યાસ કરી ઉત્તીર્ણ થઈ શકો છો. જવલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૩. મે આર્થિક પરિસ્થિતિના કારણે ફક્ત ૧૦ સુધી અભ્યાસ કરેલ છે. મને નેવીમાં જવાનો રસ છે. માહિતી આપશો.**

**- હિમાંશુ વાળા, ભાવનગર**

ભારતીય નૌકાદળમાં જોડાવાની એક વધુ તક મેટ્રિક પાસ પુરુષ ઉમેદવારોને આ પરીક્ષા પૂરી પાડે છે. જે વિજ્ઞાન વિષય સાથે મેટ્રિક પાસ હોય તેમને અગ્રિમતા આપવામાં આવે છે. વયમર્યાદા ૧૪ થી ૧૯ વર્ષની છે. પસંદગી માટેની લેખિત પરીક્ષામાં બે પ્રશ્નપત્રો (૧) મેથેમેટિકસ તથા (૨) જનરલ નોલેજના હોય છે. બંનેના મહત્તમ ગુણ ૧૦૦-૧૦૦ છે. આ લેખિત પરીક્ષાના આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવામાં આવે છે અને દિલ્હી, મુંબઈ, કોલકત્તા કે બેંગ્લોર ખાતે ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. આખરી પસંદગી પામેલા ઉમેદવારોને સામાન્ય રીતે ૩ વર્ષ માટે નેવલ ડોકયાર્ડ સ્કૂલ, મુંબઈ ખાતે તાલીમ માટે મોકલવામાં આવે



છે. આ તાલીમ દરમિયાન પ્રતિ માસ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.આ પરીક્ષા માંધોરણ-૧૦ સુધીના ગણિત અને રિઝ્નિંગ ના પ્રશ્નો પૂછી ને આપની તાર્કિક શક્તિ માપવામાં આવે છે.જેમાં ઉત્તીર્ણ થયા બાદ આપ આગળ ના રાઉન્ડ માં જઈ શકો છો.આમ આપ આ પરીક્ષા ની તૈયારી જો નિયમિત રીતે ચાલુ કરી દો છો તો આપણે ચોક્કસ સફળતા પ્રાપ્ત થઈ ને જ રહેશે.


ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# જન્મદિને વધામણી




**ડો. પિયુષ દવે**
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૦૪૩૮૦



**પ્રભુદાસ ડી. પંડિત**
કલાકાર અને કવિ
મો. ૯૪૨૭૫ ૫૧૩૨૭



**વરુણ એન જોશી**
મો. ૯૯૯૮૮ ૧૧૪૨૪



**ફલક હિંગુ**



**માહી પ્રકાશચંદ્ર સાંગલેકર**
મો. ૯૬૦૧૧ ૮૯૬૩૫



**ઝમીર ઉપાધ્યાય**
મો. ૯૯૨૪૫ ૬૯૩૧૧



**પંડ્યા મયુરી અંકિત**



**ગાયત્રીબેન જોષી**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**સ્નેહ હિતેશકુમાર પરમાર**



**અક્ષય લાલજીભાઈ ચાવડા**